॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥

# કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - રાજપુર

મુ. રાજપુર, તા. કડી, જિ. મહેસાણા (ઉ.ગુ.)

## જડીબા પટેલ હોલ

### જડીબા પટેલ હોલ નોંધાવવા માટેના નિયમો

૧. વાડી નોંધાવવા માટે ૧૫ દિવસ પહેલા જાણ કરવાની રહેશે. વહેલા તે પહેલાના ધોરણે વાડી નોંધવામાં આવશે.

૨. દરેક પૂનમે તથા પૂનમના આગળના દિવસે તથા સમૂહ લગ્ન તથા દિવાળીના પાંચ દિવસ પહેલા વાડી ભાડે મળશે નહિ.

૩. રાજપુર ગામના પાટીદાર પરિવારના ૩૦૦ વ્યક્તિના જમણવાર સુધી વાડી ભાડાના રૂા. ૨૧૦૦/- (એકવીસો) આપવાના રહેશે. ૩૦૦ વ્યક્તિથી ઉપરના જમણવાર માટે વાડીના ભાડાના રૂા. ૩૫૦૦/- (ત્રણ હજાર પાંચસો) આપવાના રહેશે. બહારગામના પાટીદાર ભાઈઓએ વાડી ભાડું રૂા. ૭૦૦૦/- (સાત હજાર) આપવાનું રહેશે.

૪. રાજપુર ગામના પાટીદાર ભાઈઓ માટે મરણ પ્રસંગે બેસણા માટે વાડી વિના મૂલ્યે આપવામાં આવશે. ફકત સફાઈ કામ માટે રૂા. ૨૫૦/- (બસો પચ્ચાસ) આપવાના રહેશે.

૫. ગામના કોઈપણ ધાર્મિક પ્રસંગે વાડી ચાર્જ વગર આપવામાં આવશે પરંતુ પ્રસંગ પુરો થયા પછી સફાઈ કામકાજ કરી આપવાનું રહેશે.

૬. આકસ્મિક સંજોગોમાં કોઈપણને વાડી ભાડે આપવા માટેની સત્તા પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીની રહેશે.

૭. રાજકારણના કોઈપણ પ્રસંગે વાડી ભાડે આપવામાં આવશે નહિ પરંતુ કોઈપણ સાર્વજનિક હેતુસર વાડી રૂા. ૧૧,૦૦૦/- (અગિયાર હજાર) લઈને આપવા માટેની સત્તા પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીની રહેશે.

૮. જમણવાર માટેના જરૂરી વાસણોની ગણત્રી કરીને લેવા-આપવાની જવાબદારી વાડી ભાડે રાખેલ વ્યક્તિની રહેશે.

૯. વાસણ તથા વાડીના ફર્નિચરના નુકશાન અથવા ખૂટતા વાસણોનો ચાર્જ વાડી ભાડે રાખેલ વ્યક્તિએ મેનેજર નક્કી કરે તે મુજબ આપવાનો રહેશે.

૧૦. વાડી નોંધાવતા ડીપોઝીટના ૫૦% રકમ એડવાન્સ આપવાની રહેશે. પ્રસંગ પુરો થયે બાકીની રકમ આપી પુરી પહોંચ મેળવી લેવાની રહેશે.

૧૧. આકસ્મિક સંજોગોમાં વાડી નોંધાવેલ હોય અને એક અઠવાડિયા પહેલાં વાડી રદ કરવી પડે તો વાડીભાડાના ૧૦% રકમ કાપીને રકમ પરત આપવામાં આવશે.

વાડીમાં સ્વચ્છતા જાળવવી તે આપણી દરેકની ફરજ છે.

સ્વચ્છતા ત્યાં પ્રભુતા



લિ.
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
પ્રમુખ / મંત્રીશ્રી તથા
કારોબારી સભ્યશ્રીઓ